તારીખ: ૧૯ જુન,૨૦૧૫

આદરણીય શ્રી,

આપણો નવતર પ્રયોગ આપણા વિદ્યાર્થીઓ માટે પ્રોજેક્ટ અંતર્ગત ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ (આઈ.આઈ.એમ) અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઈ.આર.ટી) દ્વારા જૂથ-ચર્ચાની શરૂઆત કરેલ છે. નવીનીકરણ દ્વારા શિક્ષણની વ્યવસ્થા સુધારવા માટે શિક્ષકોની અને શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી) ની સહભાગિતા કઈ રીતે વધુ મજબૂત બનાવવી તે સંદર્ભમાં આપના મંતવ્યો જાણવાની શરૂઆત કરેલ છે. આપના મંતવ્યો જાણી તેનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ માહિતી ટીચર્સ એઝ ટ્રાન્સફોર્મરની વેબસાઈટ (http://www.teachersastransformers.org/)પર મુકવામાં આવે છે.

આ જૂથ ચર્ચામાં આપની સક્રિય સહભાગિતા બદલ આપનો આભાર વ્યક્ત કરવામાં આવે છે. આપને તારીખ ૫ જુન, ૨૦૧૫ ના રોજ પૂછવામાં આવેલ પ્રશ્ન અને તે સંદર્ભમાં આપે જે મંતવ્યો રજુ કર્યા તેના ૧૫ પોઈન્ટ થતા આ પત્ર મોકલવામાં આવે છે. આ સાથે આપના દ્વારા આપવામાં આવેલ ઉત્તરના તારણ આ પત્ર સાથે જોડેલ બીડાણમાં છે.

આશા છે કે આપ આ જૂથ ચર્ચામાં સક્રિય ભાગીદારી ચાલુ રાખશો અને આપના અમુલ્ય અભિપ્રાય અને મંતવ્યો આપતા રહેશો.

આભાર સહ,



અવિનાશ ભંડારી (પ્રોજેક્ટ મેનેજર, એજ્યુકેશનલ ઇનોવેશન્સ બેંક)

**પ્રશ્ન: ગામના બાળકોનો શાળામાં પ્રવેશ કરાવવા માટે આપની શાળા વ્યવસ્થાપન સમિતિ ક્યા કર્યો કરે છે? તેની ટૂંકી વિગત જણાવો.**

**તારણ: એસ.એમ. સી. સમિતિ દ્વારા બાળકોના પ્રવેશ માટે નીચેની પ્રવૃત્તિ કરવામાં આવે છે:**

- એસ.એમ.સી. સભ્યો દ્વારા શિક્ષણથી વંચિત બાળકોની યાદી બનાવી તેમના વાલીઓને તેમના બાળકોનું નામાંકરણ કરાવવા માટે સમજાવવામાં આવ્યા.
- એસ.એમ.સી. સભ્યો ટ્રાન્સપોર્ટેશન સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી અને દરેક ગામ લોકોને તેમના બાળકોને શિક્ષિત બનાવવા સલાહ આપી.સભ્યો ધોરણ ૧ માં વિદ્યાર્થીઓનું ૧૦૦ % નામાંકરણ થાય તેની ચકાસણી કરે છે.વાલી સંપર્કમાં શિક્ષકોને મદદ કરે છે અને પ્રવેશ પત્રિકા દ્વારા બાળકોને પ્રોત્સાહન આપે છે.
- શાળામાં એસ.એમ.સી.મિટીંગ તથા વાલી સંમેલન બોલાવી ગામનાં ૬ થી ૧૪ વર્ષનાં શાળા આવવા પાત્ર બાળકોની યાદી તૈયાર કરી જન્મના પ્રમાણપત્ર મેળવ્યાં અને શાળા પ્રવેશોત્સવની જાણ કરી.
- સમિતિ દ્વારા જાન્યુઆરી માસમાં પ્રવેશ બાબત મીટીંગ યોજવામાં આવે છે ત્યારબાદ સર્વેનું આયોજન કરીને તેની સમીક્ષા કરવામાં આવે છે. વાલી મુલાકાત કરીને પ્રવેશનું મહત્વ સમજાવવામાં આવે છે
- સ્થળાંતર કરીને આવતા વાલીઓના બાળકોને શાળામાં દાખલ કરવા સભ્યો જાણકારી આપે છે. તેટલું જ નહિ પણ, જરૂર પડે આચાર્ય સાથે ફોન કે રૂબરૂ મળી તે બાળકોના દાખલ કરાવવાની પ્રક્રિયામાં મદદરૂપ થાય છે. શાળાના આચાર્યશ્રીએ સરકાર દ્વારા શાળામાં આપવામાં આવતી તમામ સુવિધાઓનું પેમ્પફ્લેટ તૈયાર કરી તેની પ્રતો સમગ્ર વિસ્તારમાં વહેંચવામાં આવી.